# Hemchandracharya North Gujarat University

PATAN - 384 265 (N.G.)

Accredited by NAAC with "A" Grade (CGPA 3.02)


નં.– એકે/પ્રવેશ/૩૭૦૩/૨૦૧૭
તારીખ : ૦૩/૦૬/૨૦૧૭

પ્રતિ,
આચાર્યશ્રી,
યુનિવર્સિટી સંલગ્ન તમામ સાયન્સ કોલેજો

**વિષય : શૈક્ષણિક વર્ષ : ૨૦૧૭–૧૮ માટે બી.એસસી. સેમ–૧ માં પ્રવેશ કાર્યક્રમમાં સુધારા અંગે.**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ : ૨૦૧૭–૧૮ માટે બી.એસસી. સેમ–૧ માં પ્રવેશ અંગે યુનિવર્સિટીએ જાહેર કરેલ કાર્યક્રમમાં નીચેનો સુધારો ધ્યાને લેવા વિનંતી.

ધોરણ–૧૨ સી.બી.એસ.ઈ. નું પરિણામ તા.૨૮/૦૫/૨૦૧૭ ના રોજ જાહેર થયેલ છે. જેને ધ્યાને લઈ તમામ બોર્ડના વિદ્યાર્થીઓ જે બી.એસસી. સેમ–૧ માં પ્રવેશ ફોર્મ ભરવાથી વંચિત રહી ગયા હોય તે તમામ વિદ્યાર્થીઓને બી.એસસી. સેમ–૧ માં પ્રવેશ ફોર્મ ભરવા માટેની તા.૦૭/૦૬/૨૦૧૭ સુધી લંબાવવામાં આવે છે. તેથી તમામ પ્રવેશ અરજીઓ તા.૦૭/૦૬/૨૦૧૭ સુધી સ્વીકારી તેનો બીજી મેરીટ યાદીમાં સમાવેશ કરવો. પ્રવેશ અંગેનો સુધારેલ કાર્યક્રમ આ સાથે સામેલ છે. જે ધ્યાને લઈ ઘટતી કાર્યવાહી કરવા વિનંતી.

**બિડાણ :** ઉપર મુજબ

આપનો વિશ્વાસુ,

(ડૉ.ધ.મ.પટેલ)
કા.કુલસચિવ


P.B. No. 21, University Road, Patan. 384265. Gujarat State. INDIA.
Phone : +91 2766 - 222745, 220932, 230743, 230529, 233648 Fax : +91 2766 - 231917
Mail : regi@ngu.ac.in Web. : www.ngu.ac.in

# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

NAAC A (3.02) State University

યુનિવર્સિટી રોડ, પાટણ (ઉ.ગુ.) ૩૮૪૨૬૫


## B.SC. ADMISSION SCHEDULE FOR ACADEMIC YEAR 2017-18

| | | |
|---|---|---|
| ૧. | પ્રવેશ ફોર્મ કોલેજમાં જમા કરાવવાની છેલ્લી તારીખ | : તા.૦૭/૬/૨૦૧૭ |
| ૨. | બીજી પ્રવેશ યાદી કોલેજે પ્રસિધ્ધ કરવાની તારીખ (કોલેજનાં નોટીસ બોર્ડ પર કોલેજોએ મુકવી) | : તા ૦૮ /૬/૨૦૧૭ |
| ૩. | બીજી પ્રવેશ યાદીની ફી ભરી પ્રવેશ મેળવી લેવાની તારીખ | : તા. ૦૮/૬/૨૦૧૭ થી તા.૦૯/૬/૨૦૧૭ સુધી |
| ૪. | જરૂર પડે ત્રીજી પ્રવેશ યાદી કોલેજે પ્રસિધ્ધ કરવાની તારીખ (નોટીસ બોર્ડ પર) | : તા.૧૦/ ૦/૬/૨૦૧૭ |
| ૫. | ત્રીજી પ્રવેશ યાદી ની ફી ભરી પ્રવેશ મેળવી લેવાની તારીખ | : તા.૧૫ /૬/૨૦૧૭ |

નોંધ :

૧. બી.એસ.સી. સેમ.૧માં શૈક્ષણિક વર્ષ: ૨૦૧૬–૧૭માં મંજુર થયેલ સીટ મેટ્રિક્સ પ્રમાણે જ શૈક્ષણિક વર્ષ : ૨૦૧૭–૧૮ માં પણ મેરીટ તથા પ્રવેશના નિયમોના આધારે જ પ્રવેશ આપવાનો રહેશે.

૨. ઉપર દર્શાવેલ સમયપત્રક અનુસાર પ્રવેશની કાર્યવાહી તમામ કોલેજોએ ફરજીયાત હાથ ધરવાની રહેશે.

૩. વિદ્યાર્થીઓની જાણકારી હેતુસર સદર વિગતો કોલેજના નોટીસ બોર્ડ ઉપર પણ પ્રસિદ્ધ કરવાની રહેશે.

૪. યુનિવર્સિટી સંલગ્ન તમામ સેલ્ફ ફાયનાન્સ બી.એસ.સી. કોલેજો માટે પ્રથમ વર્ષના પ્રવેશ માટેનું ડિવીઝન ૧૨૦ બેઠકો + ૭ મેનેજમેન્ટ બેઠકો + ૩ ડિપ્લોમા ટુ ડિગ્રી (જો વિદ્યાર્થીઓ હોયતોજ ભરવી / ન હોય તો આ સીટો ખાલી રાખવી.) વધુમાં વધુ કુલ ૧૩૦ વિદ્યાર્થીઓ ને પ્રવેશ આપવાનો રહેશે.સરકારી/ગ્રાન્ટેડ કોલેજોમાં મેનેજમેન્ટ બેઠકોની જોગવાઈ ન હોઈ ડિવિઝન ૧૨૦ વિદ્યાર્થીનું રહેશે.

૫. દરેક કોલેજો વિદ્યાર્થીઓ પાસેથી પ્રવેશ ફોર્મની ફી પેટે રૂા.૧૦૦/ થી વધુ લઈ શકશે નહિ.

૬. જે કોલેજોને ડિવિઝન ફાળવેલ છે. તે સિવાયની બીજી કોઈ પણ કોલેજોએ પ્રવેશ આપવો નહી અને વિદ્યાર્થીઓએ નેટ પર મૂકેલ યાદી સિવાયની કોલેજોમાં પ્રવેશ લેવો નહી. તેની સર્પૂણ જવાબદારી વિદ્યાર્થીની રહેશે.

૭. કોલેજોએ યુનિ. એ નિયત કરેલ ફી થી વધારે ફી લેવી નહી. ફીની વિગત સેમસ્ટર દીઠ નીચે મુજબ છે.
સરકારી કોલેજ રૂ.૬૦૦/– ગ્રાન્ટ ઈન એઈડ કોલેજો રૂ.૧૫૦૦/–
સ્વવિત્ત ધોરણેની કોલેજો રૂ.૧૧,૫૦૦/– ફી લેવાની રહેશે.

૮. યુનિવર્સિટીએ આપેલા સમય પત્રક મુજબ પ્રવેશની કાર્યવાહી કરી, તેની જાણ યુનિવર્સિટીને કરવાની રહેશે.

૯. પ્રવેશનાં સદર નિયમોનો દરેક કોલેજોએ ચુસ્ત અમલ કરવાનો રહેશે.

૧૦. પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની સપૂર્ણ યાદી યુનિવર્સિટીને તબ્બકાવાર અચૂક મોકલી આપવાની રહેશે.

૧૧. પ્રવેશ યાદી,મેરીટ યાદી કોલેજની વેબ સાઈટ પર મૂકવાની રહેશે. તથા નોટીસબોર્ડમાં પણ સ્પષ્ટ વંચાય તે રીતે મૂકવાની રહેશે.

કા. કુલસચિવ